R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 3 July - 2012

## તકલાદી સજ્જનતા

દરેક મનુષ્યની એવી અપેક્ષા હોય છે કે જીવન આપત્તિ વિના જ પસાર થઈ જાય આપત્તિ નામની રાક્ષસી ગમે ત્યારે ગમે ત્યાં ગમે તે દિશામંથી ટપકી પડે છે. આપત્તિ ન આવે આવુ કદી બનતું નથી. નિયતિને એ મંજૂર નથી. પરિણામે સાવ સાચા અને સજ્જન માણસ ઉપર ક્યારેક આભ તૂટી પડે છે. આભ તૂટી પડે તે માટે કેટલીક બાબતો જવાબદાર હોય છે. રોગ ઈર્ષ્યા, દગો, બદનામી, સજા કે આર્થિક ભીંસ એવે વખતે સામા માણસને પડખે ઉભા રહેવો જેટલો વિવેક દાખવવામાં પણ ઘણા લોકો કંજૂસાઈ કરે છે. આ સંસારમાં તકલાદી સજ્જનોએ છાનામાના ખાસીરીતે હેરાન કરી છે. દરેક ઓફીસમાં, દરેક ગામમાં અને દરેક સંસ્થામાં આવી તકલાદી સજ્જનતા અચૂક જોવા મળશે. આવા સજ્જનો દંભી દુર્જનો છે. તેઓ ખરેટાણે મીઢૂં મૌન સેવે છે. તેઓને પૂછવામાં આવતા સવાલોના પણ ગોળ ગોળ જવાબ આપશે.અને આવા સજ્જનો તટસ્થ નહી રહી શકે. તકલાદી તટસ્થા ને કારણે ઘણાં ઉપદ્રવો સર્જાય છે. તકલાદી સજ્નોના પાપી મૌન ને કારણે યુધ્ધો થયાં છે. નિદોર્ષ લોકો ફાંસીને ચડયાં છે. સંવેદનશીલ માણસોએ આત્મહત્યા કરી છે. સાચા પ્રેમીઓએ વખડાં ધોળીને મોતની સોડ ભણી છે અને ભર્યા ભાદર્યા પરિવારો તારાજ થયા છે. તકલાદી સજ્જનતા સાગના તામણાં જેવી હોય છે. નિષ્ક્રિય, ઢીલીઢાલી, કાયર અને દંભી સજ્જનતાને સત્યાગ્રહની ખુમારી તરફ વાળવાનું કામ ગાંધીબાપુએ કર્યું. તકલાદી સજ્જનતા કાયમ દુર્યોધનને જ મદદરૂપ થતી આવી છે અને આવી તકલાદી સજ્જનતા ના અભિશાપો સમાજને સદીઓથી કનડતા આવ્યાં છે.

**- સંકલન**

**2nd Cover Page**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# MANAGING COMMITTEE 2012-2013

| S.N. | NAME | POST | RESIDENCE | OFFICE | CELL |
|---|---|---|---|---|---|
| 1 | Shri Kalpesh Suresh Dharia | President | 24384854 | 22081011 | 9820183907 |
| 2 | Shri Saumil Jitendra Mody | Vice-President | 23803136 | 23400502 | 9920213426 |
| 3 | Shri Bhavesh Bipin Modi | Secretary | 23531917 | 22060009 | 9869080287 |
| 4 | Shri Jasmine Bipin Sheth | Jt. Secretary | 66333085 | 66378381 | 9820830060 |
| 5 | Shri Nilesh Navnitlal Shah | Jt. Secretary | 28926491 | 22088965 | 8082432301 |
| 6 | Shri Nikesh Jayendra Gandhi | Treasurer | 32976469 | 22080370 | 9820496534 |
| 7 | Shri Rajendra Kirtanlal Desai | Hon'member | 23800762 | 66370721 | 9820080194 |
| 8 | Shri Yogesh Ramniklal Dharia | Hon'member | 23885131 | 22065992 | 9821544950 |
| 9 | ShriDaxesh Babulal Kadakia | Hon'member | 23868430 | 23439958 | 9833176158 |
| 10 | Shri Vrajesh Navnitlal Desai | Hon'member | 23840527 | 66337259 | 9820039304 |
| 11 | Shri Jitendra Pravinchandra Parekh | Member | 23868179 | 22051994 | 9869002440 |
| 12 | Shri Kirti Hiralal Kadakia | Member | 23857689 | 22053476 | 9821029270 |
| 13 | Shri Sanjay Jayantilal Shah | Member | 23512472 | 23751837 | 9820341370 |
| 14 | Shri Samir Jayendra Gandhi | Member | 32976469 | 22060294 | 9821234306 |
| 15 | Shri Sameer Pravinchandra Dharia | Member | 23875380 | 23445251 | 9870716852 |
| 16 | Shri Hemendra Ramnlal Shah | Member | 28050735 | 23447382 | 9820011586 |
| 17 | Shri Bharat Kantilal Parikh | Member | 28703142 | | 9869126018 |
| 18 | Shri Ajay Pravinchandra Doshi | Member | 26203174 | 23864479 | 9819342856 |
| 19 | Shri Gopal Ramanlal Kadakia | Member | 28071406 | 22089138 | 9819507452 |
| 20 | Shri Nimesh Babulal Gandhi | Member | 28076188 | 28076188 | 9821164731 |
| 21 | Shri Ajit Natverlal Mody | Member | 28691185 | 22025166 | 9869029486 |
| 22 | Shri Dixit Kirtanlal Parikh | Member | 28100112 | 22074489 | 9869003359 |
| 23 | Shri Sunil Navinchandra Mody | Member | 28615703 | 66332101 | 9820120649 |
| 24 | Shri Chirag Chandrakant Parikh | Member | 23648483 | 23444157 | 9821574856 |
| 25 | Shri Jagdish Shantilal Parikh | Member | 22019506 | 23871797 | 9821418341 |
| 26 | Shri Alpesh Yogendra Dharia | Member | 23421765 | 23694735 | 9833867601 |
| 27 | Shri Deepak Navnitlal Shah | Co-Opted | 23864169 | 22079442 | 9820579155 |
| 28 | Shri Chandresh Pravinchandra Kadakia | C0-Opted | 23886211 | 22018326 | 9322301024 |
| 29 | Shri Daxesh Somalal Parikh | Co-Opted | 28078364 | 22909866 | 9820341430 |
| 30 | Shri Jigar Manikant Kadakia | Co-Opted | 28871396 | 23413538 | 9820331535 |
| 31 | Smt. Kunjbala Hemendra Shah | Mahila Vibhag | 28050735 | | 9930794424 |
| 32 | Shri Nikhil Babulal Parikh | Editor | 23822510 | 250 2453132 | 9821326432 |

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૪ | ૧૪-૦૭-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
અમીત વ. પારેખ
પત્રવ્યવહારનું સરનામું
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઇઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


# સ્પેશીયલ માતાઓ

**તંત્રી સ્થાનેથી**

મેટરનીટી હોસ્પીટલમાં ઓપરેશન થીયેટરની બહાર ઉભેલા કુટુંબીજનો આતુરતાથી રાહ જોતા હોય છે. દીકરો આવશે કે દીકરી. પ્રથમ સંતાન હોય તો ખાસ કરીને કંઈ પણ આવે મોટેભાગે લોકોને ખાસ હરખ શોક નથી થતો પરંતુ જ્યારે બીજું સંતાન હોય ત્યારે પ્રથમ દીકરો હોય તો દીકરી અને પ્રથમ દીકરી હોય તો દીકરાની આશા વધુ હોવાથી તેમ ન થતાં નિરાશા જન્મે છે. સમજદાર માબાપ કે કુટુંબીજનો બાળક જે પણ હોય સ્વસ્થ છે, કોઈ પણ ખોડખાંપણ વગરનું છે અને માતાનો પ્રસુતિમાં પુનઃજન્મ થયો છે એમ માની ખુશી ખુશી ભગવાનની આ દેન ને સ્વીકારી લે છે. બાકી દર વર્ષે દુનિયામાં એક લાખથી વધુ ખોડખાંપણવાળા બાળકો જન્મ લે છે. આ ખોડ શારીરીક હોઈ શકે, અથવા માનસિક હોઈ શકે. પરંતુ ભગવાનની આ દેન ને પણ હસતાં હસતાં સ્વીકારી લઈને ભગવાનની આ પરીક્ષાનો જવાબ આપવા કમર કસતાં માબાપોની આજે વાત કરવી છે.

મોટા ભાગની સ્ત્રીઓ અકસ્માતે મા બને છે, કેટલીક પોતે માતૃત્વ પસંદ કરે છે. કેટલીક સ્ત્રીઓ વાંજીયણનું મેણું ભાંગવા મા બને છે અને કેટલીક સ્ત્રીઓને આની આદત થઈ ગઈ હોય છે. આ બધી સ્ત્રીઓને બાળક આપવા માટે ભગવાન બરાબર પસંદગી કરતા હોય છે. પ્રભુ એક પછી એક દેવદુતને આદેશ આપે છે. શિલ્પાને દીકરો આપો. દેખરેખનું કામ કૃષ્ણનું, સ્મીતાને દીકરી દેખરેખ રામની, મેરીને જોડીયા દીકરા દેખરેખ ઈશુની, નતાશાને દીકરો,

શબનમને દીકરી, શૈલાને દીકરો દીકરી વગેરે વગેરે... સારીકાને આ વિકલાંગ બાળક આપો. દેવદૂત ચોંકી ઉઠયો કેમ પ્રભુ એને શું કામ ? જુઓ તો ખરા એ કેટલી ખુશ છે. એજ કારણ છે વત્સ એને પસંદ કરવા પાછળ, શું જેને પોતાને હસતાં પણ ન આવડતું હોય એવી સ્ત્રીને હું આવું બાળક આપું ? પરંતુ પ્રભુ એનામાં એટલી ધીરજ છે ખરી ? ભગવાન કહે વત્સ ખુબ ધીરજ પણ શા કામની ? એવી સ્ત્રીઓ પોતાના નસીબને, પોતાનેજ કોસતી બેસી રહે. સારીકામાં ખુબ ધીરજ નથી એટલે શરૂઆતમાં એને શોક લાગશે પરંતુ એમાંથી બહાર આવીને એ આ ચુનોતી સ્વીકારી લેશે. સારીકામાં પોતાનું વજુદ છે એ એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે અને એટલે જ આવી મા પોતાના આવા સંતાન માટે નવી, પોતાની દુનિયા ઊભી કરી શકશે. દેવદુત ફરી બોલી ઉઠયો પણ પ્રભુ એનેતો તમારામાં પણ વિશ્વાસ નથી. ભગવાન કહે કંઈ વાંધો નહી વત્સ એ બધું થઈ રહેશે પણ આ બાળક માટે સારીકાજ બરાબર છે. જો એ થોડી સ્વાર્થી પણ છે. સ્વાર્થી ? પ્રભુ શું એ સારો ગુણ છે ? હા વત્સ જો એ સ્વાર્થી થઈને પોતાના માટે થોડો સમય ન કાઢી શકે તો એ જીવીજ ન શકે. થોડા સમય માટે પણ એણે આ બાળકથી અલગ પોતાના માટે વિચારવું જ જોઈએ પોતાના માટે પણ જીવવું જ જોઈએ. હા સારીકા આ બાળક માટે બરાબર માતા છે. હું એને આ ખોડવાળુ બાળક આપું છું. પરંતુ જોજે જગત એની ઈર્ષા કરશે એ જીવનને ક્યારેય સહેલાઈથી નહી લે એનું એકપણ પગલું સામાન્ય નહી હોય એના માટે શબ્દો સહજ નહી હોય એનો દીકરો 'મા' શબ્દ બોલે એના માટે એણે અથાક પરિશ્રમ કર્યો હશે અને જ્યારે એનો દીકરો પ્રથમ વાર માં બોલશે ત્યારે એ એક ચમત્કાર હશે અને એ ચમત્કાર ફક્ત સારીકાજ કરી શકશે. બીજા બધાની જેમ સારીકાનું બાળક પોતાની આંખોથી દુનિયા નહી જુએ પણ સારીકા પોતાની દ્રષ્ટીથી એને દુનિયાનું દર્શન કરાવશે. એ જ્યારે મારા બનાવેલા ઝાડ, પશુ, પંખી, સુરજ, દરિયો વગેરેનું એના દીકરાને દર્શન કરાવશે ત્યારે મને સંતોષ થશે કે કોઈ કે તો મારા આ સર્જનની કદર કરી અને વત્સ તું ડર નહી હું સતત એની સાથે રહીશ. પળે પળ એની પાસે રહીશ અને દુનિયાની બધીજ ખરાબ બાજુનું દર્શન કરાવીશ દુનિયાનો સ્વાર્થ, તિરસ્કાર, હાંસી બધાથી ઉપર ઉઠીને એ એક આદર્શ મા પુરવાર થશે. દુનિયામાં માનસિક ત્રાસ, મશ્કરી, હાંસી, તિરસ્કાર, સ્વાર્થ, માનવાતની હિંસા વગેરેની સામે થઈને પ્રેમ, ત્યાગ સ્નેહ, પુરુષાર્થ, હિંમતથી જીતવાનું મારું કામ સારીકા કરી બતાવશે અને એથીજ એનો સાથ હું કોઈ દિવસ નહી છોડું. પરંતુ પ્રભુ એનું ધ્યાન રાખવાનું કામ કયા સંતને સોપું. પ્રભુએ સ્મીત સાથે જવાબ આપ્યો વત્સ એની કોઈ જરૂર નથી એ જ્યારે પણ દર્પણમાં જોશે ત્યારે એને એનામાં મારુંજ પ્રતિબિંબ દેખાશે. અને પ્રભુએ એ વિકલાંગ બાળકની સામે માતા તરીકે સારીકાના નામ ઉપર મહોર મારી દીધી.

આપણી આજુબાજુ નજર દોડાવીશું તો ખ્યાલ આવશે. દરેક વિકલાંગ બાળકની માતા કોઈ સામાન્ય માતા નથી હોતી. સાવ સામાન્ય સ્ત્રીને ભગવાન પોતાનું કાર્ય સોંપીજ ન શકે. આવી ત્રણ ચાર માતાઓને હું નજીકથી ઓળખું છું. આ બધી માતાઓએ આખું જીવન સંતાનો માટે ખર્ચી નાખ્યું છે. બાળક સાથે સતત સહવાસ, સતત વાતો, અઢળક પ્રેમ, એ એમનું શસ્ત્ર. મારું બાળક સ્પેશયલ છે એને સામાન્ય નહી પણ કંઈક અસામાન્ય બનાવવાનું ગાંડપણ, ભગવાન સાથે લડી લેવાનું જોશ. લોકોના તિરસ્કાર, માનસિક ત્રાસ સામે ઝઝુમવાની અને એનાથી પોતાના

બાળકને બચાવવાની તૈયારી આ બધા ગુણ મેં આ સ્ત્રીઓમાં જોયા છે. એક છોકરાને આજે માતાના પ્રયત્નથી અમેરીકાની બેસ્ટ યુનિવર્સિટીમાં મેડીસીનમાં એડમિશન મળ્યું છે. બીજો કોમ્પ્યુટરમાં માસ્ટર બની ગયો છે. અને ફક્ત ૧૬ વર્ષની ઉંમરે સૉફ્ટવેર કંપની માટે પ્રોગ્રામ બનાવતો થઈ ગયો છે. બીજી માતાઓ હજી આ દિશામાં સતત પ્રયત્નશીલ છે. તમે બધા પણ કોઈને કોઈ સારીકાને ઓળખતાજ હશો. એમની તરફ જોવાની એમના બાળકો તરફ જોવાની દ્રષ્ટી બદલવાની છે. પશ્ચિમના દેશોમાં દરેક જગ્યાએ વિકલાંગ લોકો માટે બધાજ પ્રકારની સગવડો આપવામાં આવે છે. તેઓની ગાડીનું પાર્કીંગ અલગ, બાથરૂમ અલગ, ક્યાંય પણ જાવ તેમની લાઈનો અલગ અને કેટલાયે બેની ફીટો સમાજ તરફથી આપવામાં આવે છે. લોકો પણ આવા લોકોને સહજ રીતે સ્વીકારે છે. સહાનુભુતિ દેખાડે પણ દયા નહી. બિચારા તરીકે નહી પણ પોતાના જેવાજ સામાન્ય માનવ ગણીને વ્યવહાર કરે. સ્કુલમાં, કોલેજમાં પણ તેઓનો સહજ સ્વીકાર થાય. એ બાળકના બાહ્ય દેખાવ નહી પણ આંતરીક સુજ, બુધ્ધિ અને સ્વભાવની કદર થાય. આપણે ત્યાં હજી આવા બાળકોના લંગડો, કાણીઓ, ગાંડો જેવા ઉપનામ અપાઈ જાય છે. આવા બાળકોને મશ્કરી કે કુતુહલની દ્રષ્ટિએ નહીતો ઉપેક્ષાની દ્રષ્ટિએ જોવાય છે. ઘણા લોકો સુગથી નહી તો ડરથી આવા બાળકોથી દુર રહે છે. આપણી દ્રષ્ટિ બદલવાની જરૂર છે. જે લોકો પોતે સામાન્ય છે અથવા જેના બાળકો સામાન્ય છે તેઓએ ભગવાનનો આ બદલ ઉપકાર માનવો જોઈએ. અને ઉપર મુજબ ના વિશેષણો વાપર્યા વગર તેઓની સાથે પ્રેમાળ વ્યવહાર કરવો જોઈએ અને તેઓનો સહજ સ્વીકાર કરવો જોઈએ. ભગવાનના આવા ખાસ ખાસ બાળકોમાં અને તેઓની માતાઓમાં ભગવાનના દર્શન કરવા જોઈએ. કારણ કે એ સામાન્ય માતાઓ નથી. ભગવાન આવા બાળકો ફક્ત સ્પેશ્યલ માતાઓને જ આપે છે. આવી દરેક સ્પેશયલ માતાઓને મારા નમન.

**– નિખિલ પરીખ**

**(સ્કુલોમાં પણ આવા બાળકો માટે સ્પેશીયલ બેનીફીટ નથી અપાતાં. સેન્ટ મેરી સ્કુલમાં એક માતાએ સ્કુલ સામે કેસ કર્યો હતો. એના બાળકને ડીસફ્લેક્ષીયા નામનો રોગ છે. જેનાથી એને સામાન્ય બાળકો કરતાં સમજતાં અને પરીક્ષામાં લખતાં થોડી વાર લાગે છે આ માટે પરીક્ષામાં થોડો વધુ સમય પણ ન આપ્યો અને પેપર તપાસતાં પણ એના આ રોગને ધ્યાનમાં ન લઈને ફેલ કરવામાં આવ્યો. આવા બાળકો પ્રત્યે શાળાએ પણ શું સહાનુભુતિ દેખાડી ન શકે ?)**

# ફીકરનો ભરો ફાકો...
# ચિંતાની જલાઓ ચિતા....

ભૂખ લાગી ન હોય તો પણ ફાકો મારી જ જાવ 'ફિકરનો', અપચો નહિ થાય. પેટમાં પણ થતી ગુડગુડાટ શાંત પડી જશે. માનવીનો સ્વભાવ જ એવો છે જરાક કંઈ થાયને ફિકર, ચિંતા થાય. ચિંતા ચિતા સમાન છે અને જેની ચિતા ખડકાય એને તો જલાવી જ દેવું જોઈએ. એટલે તો કહેવત પણ પડેલી છે. 'કાઝીજી દુબલે ક્યું ? સારે ગાંવકી ફિકર' 'નફકરો થઈને ફરે છે, છે એને કાંઈ ચિંતા ? આમ બેઉ બાજુથી પિલાવું પડે, ચિંતા કરે તોય અને ન કરે તોય. માટે જ આ લેખ લખ્યો છે. ચિંતા છોડી જ દયોને. ચિંતા કરીએ તો આપણું શરીરે ગળી જાય. લોકો તો બોલશે જ કે ચિંતામાંને ચિંતામાં સાવ ગળી ગયો. લોકોને તો બોલવાનું મળે, પણ સાવ એવું છે કે, જરાક થાયને ચિંતા, ફિકર થઈ જાય. 'અરે બાપલા, ચિંતા તો થાય તો ખરીને ?' આમ ચિંતા તમને થાય અને પેટમાં લોકોને દુખે કેમ ખરુંને ?

હવે તમને જ ખરી વાત કહું, માનવીનું મન જ એવું છે, જરાક કંઈ થાયને ફિકર, ચિંતા થાય, પરંતુ... કિંતુ...

સાચી વાત એમ છે કે તમારી પ્રભુજી પ્રત્યેની શ્રધ્ધા ડગી જાય છે. તમારું માનસ નબળા મનનું છે ? અરે આંખો બંધ કરીને પ્રભુમાં વિશ્વાસ મુકી દો. પછી જુઓ. આંધળો વિશ્વાસ મૂકો. વિશ્વાસનો શ્વાસ ભરો પ્રભુ તમારો જ છે ! ! જેમ તમારું બાળક તમારા વિશ્વાસે જ જીવે છે એજ રીતીએ તમે પણ તમારા ઠાકુરજી, પ્રભુજી પર વિશ્વાસ મૂકો. મહાપ્રભુજીને યાદ કરીને રોજ તો ગાવ છો. 'દ્રઢ ઈન ચરણન કેરો ભરોસો...'

ફક્ત ગાવા ખાતર ગાવ છો ? શ્રધ્ધાનો સુર મિલાવો આ તો આપણા ઠાકોરજીના ભરોસાની વાત છે. 'પ્રભુ કરે સૌ ભલી કરે', God does everything for our good' મનને પુરી શ્રધ્ધાના રંગે રંગી લો. પ્રભુજી કદી કોઈનું બુરુ કરતા નથી, હા તમારા સારા નરસા કર્મ જરુરથી તોલે છે. અને એ તો એમને કરવુંજ રહયું. તમારું બાળક ચોરી કરે, જુઠુ બોલે, કોઈને મારે, તો તમે પણ તેને થપ્પડ મારશો કે બાથરૂમમાં પૂરી દેશો બસ આમ છે. ઈશ્વરને પણ આમ જ કરવું પડે છે. કામ તમે ખરાબ કરોને દોષ ઠાકોરજીને દેશો ?

'અમે તો તારા નાના બાળ', અમારી લેજે તું સંભાળ' ડગલે પગલે ભૂલો અમારી, દે સદ્બુદ્ધિ ભૂલો વિસારી'

ડગલેને પગલે પાપ આચરાઈ જતું હોય છે. જાણે અજાણે અને કર્માનુસાર પ્રભુજી તેનો તોલ માપ કરે છે અને એ કારણસર તમારી શ્રદ્ધા ડગી જતી હોય છે. તમે

પરમાત્માના જ અંશ છો તમારો આત્મા એ પ્રભુજીનો જ અંશ છે. શ્રધ્ધાને ડગાવો નહી.

'શ્રધ્ધા દિવાની મેરી આશા દિવાની'... આ શબ્દોને વાગોળો. રાત દિવસ એક જ વિચારો કે તમે પ્રભુજીના બાળ છો માતાપિતા પોતાના બાળકનું ક્યારેય બુરૂ વિચારતાં નથી હોતા. હા બાળકોને સમજ નથી કે માતાપિતા પર શી વિતે છે. મનથી યા જાણે અજાણે બુરાઈની વિચારણા પણ ન રાખશો બસ આટલું કરશો એટલે ફિકર, ચિંતા કરવી નહિ પડે. ફિકર, ચિંતા બધું જ પ્રભુ પરે છોડી દો. તિન ભુવનનો નાથ, બ્રહ્માંડનો અધિપતિ, યુનિવર્સનો કંટ્રોલર એજ, આપણો વહાલો પ્રભુજી, પુરેપુરી શ્રધ્ધા તેના પર મૂકી દો. એક બાળક નિર્દોષ ભાવે રમતો જમતોને મીઠી નિંદરમાં સૂતો રહી શકે છે. તો તમે પણ ઠાકોરજીના જ બાળ છો. ચિંતા, ફિકરને 'હર ફિક્કો ધુઁએ મે ઉડાતે ચલો' પ્રભુજીને તમારા માતાપિતા માની ચિંતા, ફીકર કરવી છોડી દો. પ્રભુજી તમારી ભલાઈ જ વિચારશે, હા પાપ કરતાં તમારે વિચારવાનું રહેશે. આજ કારણથી ફિકરનો ફાકો ભરી જાવ અને ચિંતાની ચિતા જલાવી દો. મહાપ્રભુજીએ પણ સમજાવ્યું છે. બુરાઈનો જવાબ, બુરાઈથી વાળવો પડે એમાં પ્રભુજી પ્રત્યેની આસ્થા, શ્રદ્ધા ડગાવશો નહિ. પ્રભુજીના જ તમે સૌ બાળ છો. માટે એક જ વિચારણા રાખોને ફિકરનો ફાકો ભરીને ચિંતાની ચિતા જલાવી દો. શ્રધ્ધાને બળવાન બનાવી મનથી એક જ વિચારણા રાખી ગાવ.... પાપના રાહી, ભાગી ન બનશો. 'દૃઢ ઈન ચરણન કેરો ભરોસો...'

God does every thing for our good,
શ્રધ્ધા દિવાની મેરી આશા દિવાની

પ્રભુજીનો પ્રેમ પામવા મન નિર્મળ, પવિત્ર રાખોને શ્રધ્ધાના દીપથી હૈયાને ઉજાળો.. ફિકરોનો ભરો ફાકો ને ચિંતાની જલાઓ ચિતા....

**- ઉષા એસ. ધારીઆ**

# અમેરીકા વિષેની સાચી-ખોટી માન્યતાઓ...

વિશ્વનાં અનેક દેશો વિષે સમયાનુસાર ઘણું બધું લખાયું છે તેમ અમેરીકા વિષે પણ ખૂબ લખાયું છે. આમાં લોકોનાં મનમાં ઘર કરી ગયેલ કંઈક સાચી-ખોટી માન્યતાઓ જેમ કે...

અમેરીકામાં બારેમાસ સખત ઠંડી જ પડે છે.

અમેરીકામાં વસી પૈસા કમાવવા ખૂબજ સરળ અને સહેલાં છે. અહીંયા ઘણી બધી ચીજ વસ્તુઓ મફતમાં મળે છે.

બે ત્રણ દાયકા પહેલાં લોકોને અમેરીકા જઈ વસવાનો ગાંડો ચસકો હતો. મા-બાપ પોતાની કન્યા માટે સતત અમેરીકન મૂરતિયાની તલાશમાં રહેતા. આજકાલ ભારતની કન્યાઓને અમેરીકન મૂરતિયાને પરણવું નથી કારણ અહીંયા ભારત દેશ જેવી સગવડો ઉપલબ્ધ નથી.

**અમેરીકા વિષે ખરેખર શું સારું છે.**

**૧)** ભણેલ કે અભણ દરેક મહેનતકશ ઈન્સાન માટે ભરપૂર તક ઉપલબ્ધ છે. જેને મહેનત કરવી છે તેને માટે ઉજ્જવળ ભાવિ માટે વિપુલ તક છે.

**૨)** અહીંયા શિસ્ત, પ્રમાણિકતા, નિયમિતતા, કાર્ય પ્રત્યે વફાદારી તથા કોઈને પણ મદદરૂપ થવાની ધગશ આ બધા સારાં લક્ષણો ગણાય છે.

**૩)** અહીંયા દરેક ધર્મને માનની દૃષ્ટિથી જોવાય છે. તમે કોઈપણ ધર્મના હો અહીં દરેક વ્યક્તિ પોતાની રીતે સ્વતંત્રતા પૂર્વક પોતાનાં ઈષ્ટદેવને ભજી શકે છે.

**૪)** જેટલું કામ કરો તે પ્રમાણે નિયમિત કર કાપીને વેતન ચૂકવાય છે.

**૫)** ખુલ્લું વાતાવરણ, લોકો કરતાં વધુ મોકળાશ, સ્વચ્છતા, ઉચ્ચતમ ગુણવત્તા સભર ચીજ વસ્તુઓની ઉપલબ્ધિ, ઉચ્ચતર શિક્ષણ તથા સારવાર સંભાળ.

**૬)** આપણાં દેશ જેવી સામાજિક જિંદગી થોડી ઓછી જીવાય છે. પરંતુ લોકો પોતાની રીતે મોજ-મજા-મસ્તી -આનંદ ભરપૂર માણે છે. અહીંયા પણ અનેક જાતનાં તહેવારો તથા પાર્ટીઓ નિયમિત યોજાય છે.

અમેરીકા વિષે એક મજાક આવી પણ છે અને સામાન્ય ભારતીય લોકો એવું પણ માને છે કે અમેરીકામાં પૈસા ખૂબ જ આસાનીથી મેળવી શકાય છે. બસ લોકો સવારે ઉઠી પોતાનાં ઘરની બહાર વૃક્ષને હલાવી લીલોતરી વીણી લે છે.

આથી તદ્દન વિપરિત હકીકત એ છે કે ગમે તેવી વિષમ હવામાન - વાતાવરણની અવગણના કરીને દરેક વ્યક્તિ પોતાનાં સમયાનુસાર નિયમિત પ્રામાણિકતા પૂર્વક ફરજ અદા કરે છે. મહેનત કરી સોમ થી શુક્ર કામ કરી Weekend માં રજાનો આનંદ માણે છે. અહીંયા કેટલાય વ્યાવસાયીક વેપાર ધંધા 24x7 નિયમિત ૩૬૫ દિવસ વિના વિરામ અટકયા વગર સતત ચાલતાં જ રહે છે.

આપણાં એશિયન લોકોમાં ખાસ કરીને ગુજરાતી પટેલ કોમ વ્યવસાયમાં ખૂબજ આગળ પડતો મહત્વનો ભાગ ભજવે છે. આથી જ હોટલ, મોટેલ, ગેસ સ્ટેશન, સબવે, કોફી શોપ્સ કે પીઝા પ્લેસ દરેક ઠેકાણે દેશી લોકો વધુ પડતા વ્યસ્ત જણાય છે.

આ દેશમાં સામાન્ય રીતે ભ્રષ્ટાચાર વ્યવહારમાં ક્યાંય દૂર સુધી નથી દેખાતો. અહીંયા હડતાલનું નામો નિશાન ક્યાંય જણાતું નથી. લોકો ફક્ત નિષ્ઠાપૂર્વક, નિયમિત, ઈમાનદારીથી પોતાનું કાર્ય કરતા જણાય છે. અહીંયા બાળકોની તથા સીનીયર સીટીઝન્સ-વૃધ્ધ લોકોની ખૂબ જ કાળજી લેવાય છે. તે માટેનાં કાયદા કાનૂનનું સખતાઈથી પાલન કરાય છે. સામાન્ય રીતે બેન્ક, સરકારી કે અન્ય દફતરોમાં કામકાજનું ધોરણ ખૂબ જ ઉચ્ચ કોટિનું હોય છે અને ગ્રાહકની સારી રીતે દરકાર કરાય છે. આપની દાદ-ફરિયાદ પરત્વે તુરંત જ ધ્યાન દોરાય છે તથા ૧૦૦ ટકા સંતોષની ખાત્રી અપાય છે.

**- રાજેશ કડકીઆ**

# વધુ પડતો મોહ

માછીમારના કાંટામાં લગાડેલા ખાદ્ય પદાર્થથી, રસની કામનામાં માછલી ખાવા જાય છે અને કાંટામાં તેનું તાળવુ ભરાઇ જાય છે, કમળની સુવાસનાં ખેચાણમાં લોભાયેલ ભમરો જ્યારે સાજે કમળ બિડાય છે છતાં ઉડી જતો નથી અને ગુંગળાઇ મરે છે, શિકારી ઓ ખાડા ખોદી બનાવટી હાથણી ઉભી કરે છે અને હાથણી નાં મોહમાં ખેંચાઇને હાથી ખાડામાં પડી શિકારીને શરણે થાય છે, દીવાનું તેજ જોઇ પતંગિયું તેમાં ફના થઇ જાય છે. આતો થઇ બુદ્ધિહીન પશુ-પક્ષીઓની વાત પણ મનુષ્ય તો પાંચેય વિષયોમાં આસક્ત રહે છે, તો મોહવશ તેની અવદશાનું તો શું કહેવું ?

સંસારમાં વિષયો રહેવાનાંજ અને તે ભોગવવાં ઈંદ્રીયો આપી છે તો ભોગવવાની ઇચ્છા પણ સાહજિક રહેવાનીજ. પરંતુ વિષયાસક્ત થયા વગર તેને સમઝણપુર્વક, વિવેક બુદ્ધિ વડે સંયમ થી જો ભોગવીએ તો તે તારે અને અવિવેકીપણે ભોગવીએ તો ડુબાડે.

કહેવાય છે ને કે રસનાં તો ચટાકા હોય, કુંડા નહીં. ખલિલ જીબ્રાને આ વાત ને સુંદર રીતે મુલવી છે. એ કહે છે કે,આ બધાં વિષયો ની તૃષ્ણા - ઇચ્છા હોય એ નક્કીજ, ભલે હોય, એ જરૂરી પણ છે. પણ તે વિષયોને કમરબંધ જેમ પહેરો, અંગ પર હોય પણ હ્રદય અને મસ્તકને સ્પર્શે પણ નહીં, બધા થી પર,મુક્ત, સ્વતંત્ર, તદ્દન નિર્લેપ . કે પછી વસ્ત્ર પેઠે -પહરેલાં હોય પણ અંગથી તો વેગળાંજ. વિષયો તો રહેવાનાં જ, રાખવાનાં પણ, ભોગવવાનાં પણ ખરાં, છતાં મન અને બુદ્ધિનો તે કબજો ના લઇ લે ,તેની કાળજી પણ રાખવી. મોહ ઉત્પન્ન થવાનું કારણ ભગવદ્ ગીતા માં કહ્યું છે,

**ધ્યાયતે વિષયાન્પુસઃ સંગસ્તેષુપજાયતે , સંગાત સંજાયતે કામ.**

અર્થાત, વિષયોનું ચિંતન માણસ માં વિષયસંગ ઉપજાવે છે અને તેમાંથી જ મોહ/કામ જાગે છે. મોહ એટલે વિષયોનું વળગણ અને તેમાંથી જન્મતી વિષય પ્રાપ્તિની ઇચ્છા, જે કામ નું રૂપ લઇ વ્યક્તિને વિષયાસક્ત બનાવે છે.

વ્યક્તિ જ્યારેપણ ખોટું કાય૭ કરવા પ્રેરાય છે ત્યારે તેનાં અંતરમનમાં મન અને બુદ્ધિ વચ્ચે તુમુલ સંઘર્ષ ચાલતો હોય છે. વસ્તુ યા વ્યક્તિ પ્રત્યેનું માનવીનું મમત્વ, તેનો મોહ માનવીને ખોટું કાર્ય કરવા પ્રેરે છે અને તેની કર્તવ્યપારાયણ બુદ્ધિ તેને તેમ કરતાં અટકાવે છે. આ અવિરત સંઘર્ષમાં મન રમમાણ હોય છે. માણસે તો પોતાની અદર રહેલાં મનને દુર્બળ કરતી વાસનાઓ સામે સતત લડવાનું છે.

રવિન્દ્રનાથ ટાગોરે પ્રભુને પ્રાર્થના કરતાં કહ્યું છે કે, હે પ્રભો ! તું પાર ઉતારે એવી મારી પ્રાર્થના; મારાં વિષાદથી ના ડરૂં બસ એજ પ્રાર્થના. સત્ય માટેનાં આ યુદ્ધમાં પ્રભુ હંમેશા સહાય કરેજ છે. બસ, મનને ભોગાસક્ત - વિષયાસક્ત થતાં વાળવું જ પડશે. જ્યાં સુધી મન વિષયાસક્ત છે ત્યાં સુધી તે ઇશ્વરાભિમુખ નહીં થઇ શકે અને જો તેમ ના બને તો ઇશતત્વની અનુભુતિ ક્યાંથી થવાની ?

હરિનો મારગ છે શુરાનો નહીં કાયરનું કામ જો ને.... આસુરી વૃત્તિ સામે રશ્રણ મેળવવા સત્સંગ, વાંચન નું ચિંતન કરીશું તો મન મોહગ્રસ્ત થઇ પતન ના પામતાં જીવન સાર્થક બનશે.

- શૈલેષ દેસાઇ

**SHREE BALASINOR**

**PRAGATI SAMAJ**

Program & Event Management Committee proudly announces the name of **Dr. RAHUL JYOTIVADAN SHETH, a renowned INTERVENTIONAL RADIOLOGIST** as the Chief Guest and Hon. Speaker for the Seminar which will be held on Sunday, September 09, 2012.

**Pankaj Dharia, Convener**
**Program & Event Management**

## વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા

## TALENT APPRECIATION SCHEME

**અમિતાભ બચ્ચન, આમિર ખાન, સચીન તેંડુલકર, એમ. એફ. હુસેન, ઐશ્વર્યા, માધુરી, કિશોરકુમાર, બિસમિલ્લાહ ખાન, બૈચુંગ ભુટિયા, ધનરાજ પિલ્લૈ, વિશ્વનાથન આનંદ, વિજેન્દ્રજેવા અનેક .....**

**ગુણિયલ અને નામી કલાકારો અને રમતવીરો પાસેથી પ્રેરણા લઈ જેમણે વિવિધ કળા, રમત-ગમત, સાહિત્ય ક્ષેત્રે પોતાનું સ્થાન મેળવવાની કોશિષ આદરી છે તેવા વાડસોલ સમાજના ભાવિ મહાનુભાવોને નિમંત્રણ**

ઉપયુક્ત યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ, જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievement in the fields of Fine Arts, Music, Dance, Singing, Acting, Sports, Literature etc.) પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું ચાલુ વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં (સપ્ટેમ્બર ૨૦૧૨) સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. નજીકના ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલ યોગદાનની રજુઆત ગણતરીમાં લેવામાં આવશે. જેમાં યોગ્યતા દર્શાવતું પ્રમાણપત્ર, સર્ટિફિકેટ અથવા અન્ય જરૂરી માહિતી (Proof / Supporting Information & Documents) તા. ૩૧-૮-૧૨ સુધીમાં આપવાની રહેશે. આ સિવાય વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) ૯૮૨૦૧૫૭૩૩૫, શ્રી કિરીટભાઈ રમણલાલ કડકીયા (મલમ) ૯૮૨૧૦૩૭૬૪૭, શ્રી ચેતન મોદી (બંગડી) ૯૮૨૦૫૪૦૮૫૮ તેમજ મંડળની કારોબારી સમિતિના અન્ય સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી શરદ નટવરલાલ દેસાઈશ્રી મંજુલ શૈલેષ ધારીઆ**

---

## વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## વાર્ષિક સામાન્ય સભા (A.G.M.)

મંડળના સભાસદોની ૮૮મી વાર્ષિક સામાન્ય સભા (A.G.M.) રામા વાટુમલ હોલ, કે.સી. કોલેજ, ચર્ચગેટ ખાતે રવિવાર તા. ૧૬.૯.૨૦૧૨ના રોજ સવારે ૯.૦૦ કલાકે આયોજીત કરી છે. સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

આ પ્રસંગે વિવિધ શૈક્ષણિક પારિતોષિકોનું વિતરણ, દાતાઓનું સન્માન, શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા પુરસ્કૃત (Tatent Appreciation Scheme) ટેલન્ટ એપ્રીશીયેશન સ્કીમ અન્વયે વાડસોલ ગૌરવ સન્માન તેમજ બાલાસિનોર સમાજનાં સન્માનિય સમાજસેવક શ્રી મણિકાંત છોટાલાલ કડકીઆ (સુરતી)ની સેવાઓને શ્રી નટવરભાઈ પરીખ (વોરા) પ્રેરિત ''વાડસોલ કર્મવીર'' બિરુદથી ગૌરવાન્વિત કરાશે, સમાજનાં દરેક વ્યક્તિઓ હાજર રહી સમાજ રત્નોને બીરદાવવાં જાહેર નિમંત્રણ. **માનદ્ મંત્રીઓ**

**શ્રી શરદ નટવરલાલ દેસાઈ - શ્રી મંજુલ શૈલેષ ધારીઆ**

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

જૂન મહિનાની ૧૮મી તારીખે લાડની વાડીમાં હીના કલાસ તરફથી Bread તથા Brownie બનાવવાનું ડેમોસ્ટ્રેશન રાખવામાં આવેલ. જેમાં હીનાબહેન તરફથી આપણને પાંઉ-બ્રેડ, સ્ટફ બ્રેડ-પીઝાના રોટલા તથા બર્ગરના પાઉં શીખવાડેલા તથા કેક અને બ્રાઉની પણ બનાવેલા સાથે આપણી જ બહેનો પાકી કેરીની વાનગી બનાવીને આવેલી. જેમાં ૧૬ બહેનોએ ભાગ લીધેલો હતો. જેમાં ખાંડવી, મેંગો સંદેશ, મેંગો રોલ, પેંડા, બરફી, અથાણું, મેંગો રબડી, મેંગો સાલસા મુકવામાં આવેલું. જેમાં પહેલું ઈનામ પુનિતા કચેરીયાને મેંગો કોઈન પીઝા માટે આપવામાં આવેલું. બીજુ ઈનામ મેંગો સરપ્રાઈઝ રબડી બનાવનાર ભાવના દેસાઈને આપવામાં આવેલું. ત્રીજુ ઈનામ મેંગો મુઝ માટે નેહલ દેસાઈને મળેલું.

## રેસીપી

### ૧. મેંગો કોઈન પીઝા

**સામગ્રી :** ૧ વાટકી કાજુ, અડધી વાટકી ખાંડ, કેસર, ૧ વાટકી કેરીનો રસ, અડધી વાટકી ખાંડ, તજ, જાયફળ, ઘી, એલચી, બદામ પીસ્તાની કતરી,

**રીત :** કાજુનો ભુકો કરી ચાળણીમાં ચાળી લેવો. ખાંડ ડૂબે તેટલું પાણી લઈ એક તારી ચાસણી કરી કાજુનો ભુકો એમાં નાખી હલાવવું. લચકા જેવું થાય એટલે ગેસ બંધ કરી દેવો. થોડુક ઠંડુ પડે એટલે ગોળા વાળી કાજુ કતરીની જેમ રોટલો વણી વાટકીથી નાના કોઈન પીઝાનો આકાર આપવો. કેરીનો રસ ગેસ ઉપર મૂકી એકદમ ઘટ્ટ થવા આવે પછી તેમાં ખાંડ અને કેસર નાખી સોસ જેવું ઘટ્ટ થવા દેવું પછી ગેસ બંધ કરી તેમાં તજ, જાયફળ અને ઘી નાખીને બરાબર હલાવવું. જરાક ઠરે પછી કાજુના પીઝા ઉપર સોસની જેમ પાથરી ઉપર બદામ પીસ્તાની કતરીથી સજાવટ કરી ઉપર એલચી નાખવી. કોઈન પીઝા તૈયાર.

### ૨.. મેંગો સરપ્રાઈઝ રબડી

**સામગ્રી : રબડી માટે :** ૧ લીટર દૂધ. દોઢ કપ આફુસ કેરીનો પલ્પ, અડધી વાટકી ખાંડ.

**રસગુલ્લા માટે :** અડધો લીટર ગાયનું દૂધ, પા ચમચી લીંબના ફુલ, ૨ વાટકી પાણી, અડધી વાટકી ખાંડ, અડધી ચમચી સાકર.

**ડેકોરેશન માટે :** બદામ - પીસ્તાની કતરી, કેરીના ટુકડા

**રબડી બનાવાની રીત :** ૧ લીટર દૂધ લેવાનું. પછી ૨૫ ટકા દૂધ ઉકળે એટલે ખાંડ નાખવી. ૧ લીટર દૂધને ૫૦ ટકા ઉકાળવાનું (દૂધ થોડુ જાડુ થાય ત્યાં સુધી) રબડીને ઠંડી કરી તેમાં કેરીનો પલ્પ નાખવો બન્ને મીક્સ કરી કાચના બાઉલમાં ફ્રીઝમાં મુકવું. મેંગો રબડી તૈયાર થઈ જશે.

**રસગુલ્લા બનાવાની રીત :** અડધો લીટર દૂધને ગરમ કરવાનું. ઉપરથી મલાઈ કાઢી લેવાની. પછી ૨ ચમચી પાણીમાં લીંબુના ફુલ ઓગાળવાના પછી દૂધમાં નાખવું. દૂધ ફાટીને પનીર તૈયાર થશે. પછી તે પનીરને નળ નીચે ધોઈ નાખવાનું અને મલમલના કપડામાં

બાંધી પાણી નીતારી લેવું. પછી એક થાળીમાં પનીર મસળી અડધી ચમચી ખાંડ નાખી ગોળા વાળવા.

પછી ગેસ પર માપ પ્રમાણે ખાંડ અને પાણી નાખી હલાવવું. પાણી ઉકળે એટલે ગોળા નાખી અને ઢાંકણ ૧૦ મિનિટ બંધ રાખી પછી ગેસ બંધ કરવો. પછી ઢાંકણ ખોલી ૪ થી ૫ ટુકડા બરફના ચાસણીમાં નાંખવા. જેથી રસગુલ્લા એક બીજાને ચોંટશે નહિ.

### ૩. Mango Mousse

**Ingradient :** Mangoes -2, Cream - 1 Cup, 1.5 tbsp Gelatin, Lemon Juice- 2 tbsp, Confectione Sugar - 1/4 cup, Orange Juice- 1/4 Cup, Salt - 1 Pinch

**For Decoration :** Small Mango pieces & cream (Whipped)

**Method :** In a Mixer jar put cut pieces of mangoes, lemon juice, orange juice, pinch of salt & Confectione sugar blend into a smooth puree. In another bowl whip the cream till nice & fluffy now pour in the mango puree into it & blend well,

Pour this mixture into a bowl & add gelatin (warm 5 tbs water and add 1.5 tbsp gelatin to it. After adding the gelatin mix with hand mixer.

Now pour this mixture into serving bowls of your choice & allow it to set in the refrigerator once the mousse sets decorate with fresh mango pieces & whipped cream.

Yummy mango mousse is ready to eat.

## આગામી કાર્યક્રમ

ઓગષ્ટ મહિનાનો કાર્યક્રમ આપને સાંસ્કૃતિકમાં અથવા કમિટી બહેનો દ્વારા જણાવવામાં આવશે. જે સ્થળ, સમય નક્કી થતાં અમે આપને જણાવતા રહીશું.

**સંયોજક - કુંજુ હેમેન્દ્ર શાહ - ૯૯૩૦૭૯૪૪૨૪**

---

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ગિરિ પૂજા ' કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરિઆતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ ઓફિસમાં તા. ૨૦.૯.૨૦૧૨ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસે. ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૮ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. અને શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફિસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી (સોમ થી શનિ)

**મંત્રી - ભાવેશ મોદી (ઠાસરાવાળા)**

**સંયોજક - કીર્તી હી. કડકીઆ (લટકારી)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની શ્રીજી મેડીકલેઈમ યોજના અંગેની માહિતી

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની મેડીકલેઈમ યોજના હેઠળ સંસ્થા દ્વારા મેડીકલેઈમ પ્રીમીયમમાં કુટુંબની વાર્ષિક આવકના ધોરણે રાહત આપવામાં આવશે.

(૧) આ યોજનામાં ભાગ લેનાર કુટુંબના સભ્ય દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીનો મેડીકલેઈમ આવરી લેવામાં આવશે. આનાથી વધુ રકમનો મેડીકલેઈમ લેવો હોય તો પણ છુટ છે, પરંતુ સંસ્થા વ્યક્તિ દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/ અથવા ફેમીલી દીઠ રૂા. ૨,૦૦,૦૦૦/- ના મેડીકલેઈમ કવરેજ માટેના પ્રીમીયમમાં રાહત આપશે જેની નોંધ લેવી.

(૨) જે લોકોને આ યોજનામાં ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે આ માટે સંસ્થાએ નિયુક્ત કરેલા વિમા એજન્ટ શ્રી ભરતભાઈ પરીખનો મોબાઈલ નંબર - ૯૮૬૯૧૨૬૦૧૮ અથવા ચેતન દેસાઈ - ૯૮૨૧૭૫૩૪૨૪ નો સંપર્ક સાધવો. જે કુટુંબને તેમનો મેડીકલેઈમ રીન્યુ કરાવવાનો બાકી હોય તો તેમણે શ્રી ભરતભાઈ પરીખ પાસેથી ફોર્મ લઈને પાછા તેમને અથવા તો સંસ્થાની ઓફિસમાં પહોંચાડવાના રહેશે.

(૩) આ યોજનામાં ભાગ લેનાર કુટુંબે સંસ્થાનું ફોર્મ તથા મેડીકલેઈમનું ફોર્મ ભરવાનું રહેશે.

(૪) પ્રીમિયમની સંપૂર્ણ રકમ વિમા એજન્ટને આ યોજનામાં ભાગ લેનારે આપવાની રહેશે. ત્યારબાદ આપની આવકના ધોરણે સંસ્થા દ્વારા રકમ પરત કરવામાં આવશે.

(૫) આ યોજનામાં ભાગ લેનારને જો મેડીકલ ચેકઅપ જરૂરી હોય તો એ મેડીકલ ચેકઅપનો સંપૂર્ણ ખર્ચ વ્યક્તિએ પોતે આપવાનો રહેશે.

(૬) જો આપ મેડીકલેઈમનું ફોર્મ ભરતી વખતે આપના જુના રોગની વિગત છુપાવશો અને કલેઈમ કરતી વખતે આ કારણે જો મેડીકલેઈમ ન મળે તો એની જવાબદારી સંસ્થાની રહેશે નહીં

(૭) મેડીકલેઈમની વધુ વિગતો એજન્ટ પાસેથી મેળવી લેવા વિનંતી. જેથી હોસ્પિટલાઈઝેશન કરતી વખતે શું કરવું અને કયા બીલો, કયા પ્રીસ્ક્રીપશન આપવા વગેરે જાણકારી હોય તો કલેઈમ કરવામાં આપને સુવિધા રહેશે.

(૮) મેડીકલેઈમના નવા સુધારા મુજબ હોસ્પિટલમાં દાખલ થયા પછી ૨૪ (ચોવીસ) કલાકની અંદર એજન્ટને જણાવી દેવાનું રહેશે અને હોસ્પિટલથી ઘરે ગયા પછીનાં બે દિવસ પણ પકડીને ૩ (ત્રણ) દિવસની અંદર તે વ્યક્તિએ ફાઈલ એજન્ટના ઘરે પહોંચાડવી પડશે અને જો તેનાથી તમે મોડા પડશો અને TPI તમારો કલેઈમ પાસ કરશે નહી તો સંસ્થા જવાબદાર રહેશે નહી.

(૯) આ યોજનામાં લાભ લેવા માંગતા હોય કે લેતા હોય તેમને પોલીસી રસીદ અને પોલીસીની કૉપીની ઝેરોક્ષ સંયોજક અથવા સંસ્થાની ઓફિસમાં સંસ્થાનું ફોર્મ ભરીને ૬૦ થી ૭૫ દિવસમાં મોકલી આપવાની રહેશે અને જેની પોલીસી સંસ્થાના એજન્ટ સિવાય બહારથી હશે તેને પણ આની અંદર આપવું પડશે.

આ યોજનાનો મુળ હેતુ વધુને વધુ કુટુંબને મેડીકલેઈમ લેતા કરવાનો છે.

જે આપના કુટુંબીજનો ઉપર આવતી શારિરીક આફતો સાથે આર્થિક બળ પુરુ પાડશે.

**મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - ભરત કાંતીલાલ પરીખ. મો.-૯૮૬૯૧૨૬૦૧૮**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# વિવિધ સમિતિઓ અને હોદ્દેદારોની નામાવલી

શ્રી નટવરભાઈ મોદી (જનસાથી) પુરસ્કૃત B.N.S. જનસાથી ટ્રોફી
શ્રી દિલીપ એમ. ધારીઆ (લાલખા) પુરસ્કૃત B.N.S. લાલખ ટ્રોફી
B.N.S. લાલખા બેરા T - 20 League - શ્રી મુલજીભાઈ ચંદુલાલ ધારીઆ

## ક્રિકેટ સમિતિ

| | | |
|---|---|---|
| ચીરાગ ચંદ્રકાંત પરીખ | - | સંયોજક |
| નિરવ જયેન્દ્ર દેસાઈ | - | સભ્ય |
| સંજીવ કીરીટ ધારીઆ | - | સભ્ય |
| સંદીપ કીર્તનલાલ ધારીઆ | - | સભ્ય |
| સમીર રમેશ દેસાઈ | - | સભ્ય |
| રીપલ બીપીન પરીખ | - | સભ્ય |
| જાસ્મીન બીપીન શેઠ | - | સહમંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | - | સલાહકાર |
| જીગર મણીકાંત કડકીઆ | - | સલાહકાર |

## શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી)
## પુસ્તક યોજના

| | | |
|---|---|---|
| દીપક નવનીતલાલ શાહ | - | સંયોજક |
| સમીર જયેન્દ્ર ગાંધી | - | સભ્ય |
| જગદીશ શાંતીલાલ પરીખ | - | સભ્ય |
| સમીર પ્રવીણચંદ્ર ધારીઆ | - | સભ્ય |
| મનોજ રસીકલાલ પરીખ (બખલી) | - | સભ્ય |
| ભાવેશ બીપીન મોદી | - | મંત્રી |
| જાસ્મીન બીપીન શેઠ | - | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |

## શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા)
## રસોત્સવ

| | | |
|---|---|---|
| દિક્ષિત કિર્તનલાલ પરીખ | - | સંયોજક |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીઆ | - | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | - | સભ્ય |
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીયા | - | સભ્ય |
| દિલીપ નવનીતલાલ શાહ | - | સભ્ય |
| સુનિલ નવનીતલાલ મોદી | - | સભ્ય |
| નિમેષ બાબુલાલ ગાંધી | - | સભ્ય |
| હિમાંશુ હરીશભાઈ દેસાઈ | - | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | - | સભ્ય |
| અજય પ્રવીણચંદ્ર દોશી | - | સભ્ય |
| જીગર મણીકાંત કડકીઆ | - | સભ્ય |
| સંજય જયંતીલાલ શાહ | - | સભ્ય |
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | - | સભ્ય |
| કીર્તી હીરાલાલ કડકીઆ | - | સભ્ય |
| સૌમીલ જીતેન્દ્ર મોદી | - | ઉપપ્રમુખ |
| ભાવેશ બીપીન મોદી | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |

## શ્રીજી મેડીકલેઈમ યોજના

| | | |
|---|---|---|
| ભરત કાંતીલાલ પરીખ | - | સંયોજક |
| ચેતન મુળજીભાઈ દેસાઈ | - | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સભ્ય |
| નિમેષ બાબુલાલ ગાંધી | - | સભ્ય |

| | | |
|---|---|---|
| ભાવેશ બિપીન મોદી | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |

## શ્રીમતી શાતાંબેન કાંતીલાલ લાલચંદ દોશી મહિલા વિભાગ

| | | |
|---|---|---|
| કુંજબાલા હેમેન્દ્ર શાહ | - | સંયોજક |
| પ્રફુલ્લા વિજય મહેતા | - | સભ્ય |
| પ્રતીમા કીરીટ ધારીઆ | - | સભ્ય |
| સોહીણી યોગેશ કડકીઆ | - | સભ્ય |
| અમી હિતેશ ધારીઆ | - | સભ્ય |
| લીના મંજુલ ધારીઆ | - | સભ્ય |
| અલ્પા સચીન કડકીઆ | - | સભ્ય |
| નેહા મિનિષ પરીખ | - | સભ્ય |
| બિજલ અનિષ ગાંધી | - | સભ્ય |
| ભાવેશ બિપીન મોદી | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |

## શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાલા) ઉપનગર વિભાગ

| | | |
|---|---|---|
| હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સંયોજક |
| નિમેષ બાબુલાલ ગાંધી | - | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીઆ | - | સભ્ય |
| અજય પ્રવીણચંદ્ર દોશી | - | સભ્ય |
| ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ | - | સભ્ય |
| નિલેશ રમેશચંદ્ર શાહ | - | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | - | સભ્ય |
| પ્રબોધ નટવરલાલ દોશી | - | સભ્ય |
| મયુર રજનીકાંત શાહ | - | સભ્ય |
| ભરત કાંતીલાલ પરીખ | - | સભ્ય |
| દિક્ષિત કીર્તનલાલ પરીખ | - | સભ્ય |
| દક્ષેશ સોમાલાલ પરીખ | - | સભ્ય |
| જીગર મણીકાંત કડકીઆ | - | સભ્ય |
| સુનીલ નવિનચંદ્ર મોદી | - | સભ્ય |
| વસંત નટવરલાલ દેસાઈ | - | સભ્ય |
| ભાવેશ બિપિન મોદી | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |

## શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ સ્વાસ્થ્ય/હોસ્પિટલ સહાય યોજના

| | | |
|---|---|---|
| સૌમીલ જીતેન્દ્ર મોદી | - | સંયોજક |
| શૈલેષ નટવરલાલ કડકીઆ | - | સભ્ય |
| કૌશિક કાંતીલાલ કડકીઆ | - | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | - | સભ્ય |
| કલ્પેશ સુરેશ ધારીઆ | - | પ્રમુખ |

## શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર શિક્ષણ યોજના

| | | |
|---|---|---|
| સમીર જયેન્દ્ર ગાંધી | - | સંયોજક |
| ગોપાલ રમણલાલ કડકીઆ | - | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સભ્ય |
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ | - | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | - | સભ્ય |
| સૌરભ સુરેન્દ્ર મોદી | - | સભ્ય |
| જાસ્મીન બિપિન શેઠ | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |

## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) રાહત નોટબુક યોજના

## શ્રી મનોજભાઈ અને શ્રી અમરીષભાઈ કચેરીયા રાહત દર નોટબુક યોજના

| | | |
|---|---|---|
| સુનિલ નવિનચંદ્ર મોદી | - | સંયોજક |
| ગોપાલ રમણલાલ કડકીઆ | - | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | - | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સભ્ય |
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ | - | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | - | સભ્ય |
| દિક્ષિત કીર્તનલાલ પરીખ | - | સભ્ય |
| જીગર મણીકાંત કડકીઆ | - | સભ્ય |
| સંજય જયંતીલાલ શાહ | - | સભ્ય |
| હિમાંશુ હરીશચંદ્ર દેસાઈ | - | સભ્ય |
| નિમેષ બાબુલાલ ગાંધી | - | સભ્ય |
| ભાવેશ બિપિન મોદી | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |
| જાસ્મીન બિપિન શેઠ | - | સહમંત્રી |

## મેમ્બરશીપ મેનેજમેન્ટ કમિટી

| | | |
|---|---|---|
| સમીર જયેન્દ્ર ગાંધી | - | સંયોજક |
| કિર્તીહીરાલાલ કડકીઆ | - | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | - | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીઆ | - | સભ્ય |
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ | - | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સભ્ય |
| સુનીલ નવીનચંદ્ર મોદી | - | સભ્ય |
| દિપક નવનીતલાલ શાહ | - | સભ્ય |
| સૌરભ સુરેન્દ્ર મોદી | - | સભ્ય |
| જીગર મણીકાંત કડકીઆ | - | સભ્ય |
| ભાવેશ બિપિન મોદી | - | મંત્રી |
| જાસ્મીન બિપિન શેઠ | - | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |

## જ્યોતિપુંજ સમિતિ

| | | |
|---|---|---|
| નિખિલ બાબુલાલ પરીખ | - | સંયોજક |
| જતીન નવનીતલાલ દેસાઈ | - | સભ્ય |
| ચેતન કાંતીલાલ મોદી | - | સભ્ય |
| અમીત વસંત પારેખ | - | સભ્ય |
| ભાવેશ બિપિન મોદી | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |

## ગિરિપૂજા કોકીલાબેન પ્રવીણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના

| | | |
|---|---|---|
| કીર્તીભાઈ એચ. કડકીઆ | - | સંયોજક |
| મધુસુદન ભીખાલાલ કડકીઆ | - | સભ્ય |
| સતિષ ભીખાલાલ પરીખ | - | સભ્ય |
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ | - | સભ્ય |
| સૌમીલ જીતેન્દ્ર મોદી | - | ઉપપ્રમુખ |
| ભાવેશ બિપીન મોદી | - | મંત્રી |
| નિલેશ નવીનતલાલ શાહ | - | સહમંત્રી |

## ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

| | | |
|---|---|---|
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ | - | સંયોજક |
| પરેશ રસીકલાલ પરીખ | - | સભ્ય |

સમીર જયેન્દ્ર ગાંધી - સભ્ય
અજય પ્રવીણચંદ્ર દોશી - સભ્ય
ઉર્વિશ રસીકલાલ મોદી (દેવ) - સભ્ય
સૌમીલ જીતેન્દ્ર મોદી - ઉપપ્રમુખ
જાસ્મીન બિપિન શેઠ - સહમંત્રી
નિલેશ નવનીતલાલ શાહ - સહમંત્રી

## સુરેન્દ્ર રતીલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન/ શ્રી દક્ષેશભાઈ અને શ્રી મિનિશ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) ઈન્ડોર સ્પોર્ટ યોજના

અજીત નટવરલાલ મોદી - સંયોજક
નિલેશ ગોકલદાસ પરીખ - સભ્ય
રાજેશ કીર્તનલાલ ધારીઆ - સભ્ય
વિરલ કિરણ ગાંધી - સભ્ય
જીજ્ઞેશ કાંતીલાલ કડકીઆ - સભ્ય
હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
ગોપાલ રમણલાલ કડકીઆ - સભ્ય
નિમેષ બાબુલાલ ગાંધી - સભ્ય
દિક્ષિત કીર્તનલાલ પરીખ - સભ્ય
સૌમિલ જીતેન્દ્ર મોદી - ઉપપ્રમુખ
ભાવેશ બિપિન મોદી - મંત્રી
જાસ્મીન બિપિન શેઠ - સહમંત્રી

## ચલો બાલાસિનોર કમિટી

### મુંબઈ કમિટી

જીગર મણીકાંત કડકીઆ - સંયોજક
હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) - સભ્ય
દિક્ષિત કીર્તનલાલ પરીખ (લહેંટા) - સભ્ય
સમીર જયેન્દ્ર ગાંધી - સભ્ય
સુનિલ નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા) - સભ્ય
નિમેષ બાબુલાલ ગાંધી (પાકા) - સભ્ય
ગોપાલ રમણલાલ કડકીઆ (ખીસાદાર) - સભ્ય
દક્ષેશ સોમાલાલ પરીખ - સભ્ય
ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ (ખીસાદાર) - સભ્ય
નિલેશ આર. શાહ (ઠાસરાવાળા) - સભ્ય
હિમાંશુ વિ. મોદી (ઠાસરાવાળા) - સભ્ય
મનોજ આર. પરીખ (બખલી) - સભ્ય
હિતેન આર. પરીખ - સભ્ય
અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ - સભ્ય
રાકેશ જયંતીલાલ શાહ - સભ્ય
ધર્મેશ જયંતીલાલ શાહ - સભ્ય
શૈશવ દિલિપ મોદી - સભ્ય
દિલીપ એન. ધારીઆ (મુછારી) - સભ્ય
મયુર રજનીભાઈ શાહ (ઠાસરાવાળા) - સભ્ય
બકુલ ચીમનલાલ શાહ (નગરશેઠ) - સભ્ય
કેતન રજનીભાઈ કડકીઆ (ચોકસી) - સભ્ય
વિમલ વિપીન મોદી (ઠાસરાવાળા) - સભ્ય
દીપક નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) - સભ્ય
રૂપેશ સુરેશ ધારીઆ (બલબલ) - સભ્ય
દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા) - સભ્ય
હિમાંશુ મહેન્દ્ર મોદી (ઠાસરાવાળા) - સભ્ય

### બાલાસિનોર કમિટી

મયંક આર. ચોકસી - સભ્ય
ગોપાલભાઈ ઓ. શાહ - સભ્ય
પ્રીયકાંત કે. દેસાઈ (લાટવાળા) - સભ્ય
શશીકાંત બી. મોદી (મેઘલીયાવાળા) - સભ્ય
કૌશિકભાઈ એસ. ચોકસી - સભ્ય
સૌમિલ એન. મોદી - સભ્ય

| | | |
|---|---|---|
| રાજુભાઈ એમ. ધારીઆ | - | સભ્ય |
| વ્રજેશભાઈ એસ. શાહ | - | સભ્ય |
| દિલીપભાઈ એમ. ધારીઆ | - | સભ્ય |
| મનોજભાઈ એમ. ધારીઆ (મુછારી) | - | સભ્ય |
| દિલિપભાઈ. આર. સોની | - | સભ્ય |
| બિપિનભાઈ એમ. શાહ | - | સભ્ય |
| અશોક એમ. ધારીઆ (ડૉક્ટર) | - | સભ્ય |
| ધર્મેન્દ્ર વિ. શાહ | - | સભ્ય |
| ડૉ. રાકેશ જે. શાહ | - | સભ્ય |
| રોહિત જે. શાહ | - | સભ્ય |
| યોમેશ પી. શાહ (સેવાલીયાવાળા) | - | સભ્ય |
| સૌમીલ જીતેન્દ્ર મોદી | - | ઉપપ્રમુખ |
| ભાવેશ બિપિન મોદી | - | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | - | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધીને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬

Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મીનાબેન સુધીર ધારિયા (રંગુનવાલા)

### પુરસ્કૃત ઉપનગર વિભાગ યોજે છે

## મોનસુન પિકનીક - લોનાવાલા

**સ્થળ : કુમાર રીસોર્ટ તા. ૨૬.૮.૨૦૧૨ - ચાર્જ : રૂા. ૫૦૦/- પાંચસો પુરા (ફુલ પેકેજ) વ્યક્તિ દીઠ**

**સવારે ચા, કોફી, નાસ્તો, બપોરે લંચ, ચા-કોફી, નાસ્તો. ૩ ફુટથી ઓછી હાઈટના બાળકો ફ્રી.**

**બાકી બધા માટે ફુલ ચાર્જ લાગશે.**

**બસ ઉપડવાના સ્થળ : સમય સવારે ૬.૩૦ કલાકે**

(૧) માતૃ મંદિર, ભાટીયા હોસ્પિટલ પાસે, મુંબઈ.

(૨) રઘુવંશી ડેરી પાસે, એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ)

(૩) કોરા કેન્દ્ર બસ સ્ટોપ, સુમેર નગર પાસે, બોરીવલી (વેસ્ટ)

તા. ૨૦.૭.૧૨ થી ૫.૮.૧૨ સુધી વહેલો તે પહેલો ધોરણે ફક્ત ૨૦૦ વ્યક્તિને લઈ જવામાં આવશે. દરેક જણને વહેલાસર નીચ જણાવેલ એડ્રેસ ઉપર રૂા. ૫૦૦/- લેખે આપી નામ નોંધાવવા વિનંતી.

(૧) **હેમેન્દ્ર આર. શાહ :** સી/૩૦૨, સુમેર નગર, બોરીવલી (વેસ્ટ) - **મો. - ૯૮૨૦૦૧૧૫૮૬**

(૨) **નિમીષ ગાંધી :** બી/૩૧, રાજેશ એપાર્ટમેન્ટ, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ) - **મો. - ૯૮૨૧૧૬૪૭૩૧**

(૩) **સૌમિલ જીતેન્દ્ર મોદી :** શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ : ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ - ૩ - **મો. ૯૯૨૦૨૧૩૪૨૬**

આપ સૌને સાથ સહકાર આપવા વિનંતી.

**મંત્રી - ભાવેશ મોદી, સંયોજક - હેમેન્દ્ર આર. શાહ**

### જ્યોતિપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ જ્યોતિપુંજનું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૧૪ અથવા ૧૫મી એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતું હોય તે પોતાની સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૧૮મી તારીખે વેબસાઈટ www.balasinor.org પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો.

**મંત્રી - ભાવેશ મોદી**

**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ પુરસ્કૃત**

### વાર્ષિક રસોત્સવ

૬૧મો વાર્ષિક રસોત્સવ તા. ૨૫.૧૧.૧૨ ના રોજ રવિવારે સવારે બીરલા માતૃશ્રી સભાગૃહ (મરીન લાઈન્સ) ખાતે યોજવામાં આવશે.

આ પ્રસંગે શ્રી મનોજભાઈ પ્રવીણભાઈ કચેરીઆ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

સંસ્થા તેઓ તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

# ક્ચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

(૧) શ્રી જયંતિલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ સ્ટોરેજ સેન્ટરની સ્થાપનાને તા. ૧૪.૬.૧૨ના રોજ પાંચ વર્ષ પૂરા થતા હોઈ જે બ્લડ ડોનરોએ વર્ષમાં ત્રણથી વધુવાર બ્લડ ડોનેટ કરેલ હતું તેઓને પ્રમુખશ્રીના હસ્તે મોમેન્ટો આપવામાં આવેલ છે. આ કેમ્પમાં કુલ ૫૮ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ છે.

(૨) હીરક જયંતિ વર્ષ નિમિત્તે બાલાસિનોર ખાતે કારોબારી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈની તા. ૧૬.૬.૧૨ના રોજ ૬૧મી વર્ષગાંઠ નિમિત્તે તેઓશ્રીના તરફથી હોસ્પિટલના ડૉકટર્સ સ્ટાફ તથા તમામ સ્ટાફનો ભોજન સમારંભ રાખવામાં આવેલ અને સ્ટાફને ગીફટ આર્ટીકલ સંસ્થા તરફથી હોદ્દેદારોના હસ્તે આપવામાં આવેલ.

(૩) 'ગીરીપૂજા' કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ (વલ્લભઘેલા) કેન્સર નિદાન કેમ્પ તા. ૧૬.૬.૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના વિઝીટીંગ કેન્સર સર્જન ડૉક્ટરે સેવા આપેલ અને જરૂરિયાતવાળાને આગળની કાર્યવાહી માટે યોગ્ય સલાહ આપવામાં આવેલ.

(૪) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ડાયાબીટીસ નિદાન કેમ્પ : તા. ૧૭.૬.૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૯૬ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓની પેથોલોજી ટેસ્ટ તથા દસ દિવસની દવા ફ્રી કરવામાં આવેલ. રૂા. ૩૯૦૯૧/-ની કુલ માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં મુંબઈથી મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, નિતિનભાઈ પરીખ, સભ્યોશ્રી રાજુભાઈ પરીખ, નિતિનભાઈ ગાંધી, પ્રમુખશ્રી નવીનભાઈ શાહ તથા સહ મંત્રીશ્રી રજનીભાઈ શાહ તેમજ કમિટી સભ્યો હાજર રહેલા. આ કેમ્પમાં આણંદના ફીજીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી તથા તેઓના ડૉક્ટરશ્રીઓની ટીમે સેવાઓ આપેલ. હવે પછીનો આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૩૦.૯.૨૦૧૨ના રોજ યોજવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

બાલાસિનોર કે.એમ.જી. હોસ્પિટલમાં **''શ્રી શશીકાન્ત મોહનલાલ ધારીઆ કુણીવાળા કેમ્પસ''** ના નામકરણ માટે **રૂા. ૫૦ (પચાસ) લાખ** ના માતબર દાનનું વચન મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખુબ ખુબ આભાર માને છે.

**- માનદ્ મંત્રીઓ - રાજેન્દ્ર દેસાઈ - નિતિન પરીખ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# સંસ્થા સમાચાર

## ૬૨મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

૬૨મી વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦-૬-૧૨ શનિવારના રોજ સાંજે ૬ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠે ગત ૬૧મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કર્યું હતું અને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠે તા. ૨૩.૩.૧૨ ના રોજ થયેલ અસામાન્ય સભાની કાર્યનોધનું વાંચન કર્યુ હતુ અને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થા પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ એ પ્રાથમિક તથા ઉચ્ચ શિક્ષણનાં વિદ્યાર્થીઓને તેમની ગુણવત્તા મુજબ ઈનામોનું વિતરણ કર્યુ હતું.

આંતરિક રમત-ગમત ના કો-સ્પોન્સર શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખે આંતરીક રમત-ગમત ના ઈનામોનું વિતરણ કર્યું હતું.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના કાર્યનો અહેવાલ રજુ કર્યો હતો. જેને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ વર્ષ ૨૦૧૧-૧૨નો હિસાબ રજુ કર્યો હતો તે ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૨-૧૩ માટે સંસ્થાના ઓડીટર તરીકે આઈ.ઓ. ધારીઆની નિમણુંકકરવામાં આવી હતી અને જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યુ હતુ. જેમાં તેમનું માનદ મહેનતાણુ નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

ગત વર્ષ અને ચાલુ વર્ષના શૈક્ષણિક પારિતોષિક એકસાથે આ વર્ષે આપવાનું ઠરાવ દ્વારા નક્કી કરેલ છે.

હાજર રહેલા સભ્યોએ નવયુવક સંઘના સંચાલન અંગે વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યાં હતાં. જેના સંતોષકારક જવાબ આપવામાં આવ્યાં હતાં.

પ્રમુખશ્રીએ હાજર રહેલા સભ્યોનો આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**- મંત્રી શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની **૧લી બેઠક** તા. ૩૦-૬-૧૨ના રોજ શનિવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆએ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધર્યાં હતા. પ્રમુખશ્રીએ ૧૨મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રી એ ઉપપ્રમુખ માટે શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી, મંત્રી માટે શ્રી ભાવેશ બીપીન મોદી, સહમંત્રી માટે શ્રી જાસ્મીન બીપીન શેઠ તથા નીલેશ નવનીતલાલ શાહ, ખજાનચી માટે શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી અને તંત્રી માટે શ્રી નીખીલ બાબુલાલ પરીખના નામની જાહેરાત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં હતાં.

પ્રમુખશ્રીએ વિવિધ પેટા સમિતિના સભ્યોના

નામની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી રાજુભાઈ મંગળદાસ પરીખનું રાજીનામું આવ્યું હતું. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું અને તેમની સેવાની નોંધ લેવામાં આવી હતી.

તેમની ખાલી પડેલી બેઠક માટે શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆની નિમણુંક કરવામાં હતી.

કુલ ૨ લીવની અરજી આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Nikesh J. Gandhi & Co.**
   Chartered Accountant
   Office No.-1, 2nd Floor, 17, Anand Bhavan,
   Princess Street Road, Mumbai - 400 002
   Ph. : 22080370 - 9820496534
2. **Sharad Natverlal Kadakia**
   1-3-931/4 First Floor, Balaji Mansion
   Kawadi Guda, Hyderabad - 80
   **M. :** 9000803853
3. **Jay Dinesh Dharia**
   Madhuban C.H.S. Ltd., B Wing,
   Flat No. - 138, Worli Hill Road,
   Mumbai - 400 018, **Ph.:** 24979220
4. **Dineshchandra R. Dharia**
   **Bhavesh Dineshchandra Dharia**
   16/34, Navjivan Co.op. Hsg. Ltd.
   9th Floor, Flat No.34, Lamington Road,
   Mumbai - 400 008 **Ph. :** 2309 2379
5. **Jai Shailesh Shah (Saherawala)**
   Yojna Building, Block No. - F/10
   2nd Floor, Sikka Nagar,
   V.P.Road, Mumbai - 400 004
   **M. :** 9819540484
   **Office : Shah Enterprises**
   166/72 Lohar Chawl, Vishwanath Building
   3rd Floor, Room No. - 4, K.M. Sharma Marg
   Mumbai - 400 002, **Ph. :** 22057029
   **Fax :** 22091114, **M. :** 9819540484
   **Email :** jayshah17@gmail.com

6. **B. N. Creation**
C/225, Shreyas Industrial Estate
B1/B2, Nathani Estate,
Off. Western Express Highway,
Behind Jay Coach, Goregaon (East)
Nearest Rly. Stn. Jogeshwari - East
Mumbai - 400 063
**Nishith Parikh -** 9820372996
**Bhavini Parikh -** 9820383120

7. **Praful Mohanlal Dharia**
C/301, "Sukhda"
65-65 A, Sir Pochkhanwala Road
Worli (R.T.O. Road), Worli, Mumbai - 30
**Praful M. Dharia** - 9821783151
**Purnima P. Dharia** - 9987921740
**Akash P. Dharia** - 9930311758
**Bindia A. Dharia** - 9920328113

8. **Shreyash Praful Dharia**
1103, Snowflama, Dosti Flamingo
Jivraj Tokersi Marg, Shivri
Mumbai - 400 015
**Shreyash P. Dharia** - 9223461879
**Namrata S. Dharia** - 9867895705

9. **Apurva Praful Dharia**
C1/62, Textila Co.op. Hsg. Society, Ltd.
Twin Tower Lane, (Bombay Dyeing Comp.)
Prabhadevi, Mumbai - 400 025
**Apurva P. Dharia** - 9820757674
**Rachana A. Dharia** - 9833210514

## નવા નંબર

**અમૂલ પાર્લર**
**પ્રીયકાંત દેસાઈ** - ૦૨૬૯૦ ૨૬૬૭૧૧

## શુભ લગ્ન

**દિપેશ** અજીત મોદી
**ફોરમ** હરીશભાઈ શાહ

## તેજસ્વી તારલા

**૧. નીશ વિરલ પરીખ (તાતીયા)** ઓપન મુંબઈ સ્પીડ સ્કેટીંગ ચેમ્પયનશીન ૨૦૧૨ (પાંચ વર્ષથી નીચે)માં પ્રથમ આવી ગોલ્ડ મેડલ જીત્યો છે. સંસ્થા વતી અભિનંદન.

૨. ડૉ. કિરણ મણીલાલ શાહ (કડુજી) ની પુત્રી **ડૉ. રીતી કિરણ શાહ** એ DNB (General Surgery) ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

**૩. માનીલ હીમાન કીરણ દેસાઈ (પડાલવાળા)** S.S.C. ની પરીક્ષામાં ૯૩ ટકા માર્કસથી ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

**૪. ધ્રુવીલ નીમીષ નટવરલાલ દેસાઈ** S.S.C.ની પરીક્ષામાં ૮૯ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

**૫. સ્મીત સંદીપ દેસાઈ** S.S.C. ની પરીક્ષામાં ૮૫ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

**૬. શૈવલ પ્રજ્ઞેશ કચેરીયા** ICSE માં ૯૬ ટકા માર્કસ તથા મેથેમેટીકસમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલ છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | **ઉંમર** |
|---|---|
| કલાવતીબેન રતિલાલ મોદી (શહેરાવાળા) | ૮૮ |
| પ્રમોદ મણીલાલ મોદી | ૭૨ |
| અનિલકુમાર જેઠાલાલ ભટ્ટ | ૭૬ |
| રોનક અશોક શાહ (ખડગોધરાવાળા) | ૨૬ |
| સરોજબેન પુનમચંદ ધારીયા (મુછારી) | ૭૯ |
| જયંતીલાલ સાંકરલાલ ધારીયા (દલાલ) | ૯૦ |
| કાન્તીલાલ ઓચ્છવલાલ મોદી | ૯૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**